| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૨૫–૦૪–૨૦૨૨ | | |
| નોંધ્યા તારીખ | ૨૫–૦૪–૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૨૨ –૦૭–૨૦૨૪ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમય અવધી | ૦૨ | ૦૨ | ૨૭ |

---

**મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં,**
**મું.ઓખામંડળ.**

---

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૯૫/૨૦૨૨.</u>**

**આંક– ૩૩**

(૧) રજીયા વા/ઓ.રેહાન બોલીમ,
ઉંમર વર્ષ: આશરે : ૨૮, ધંધો: ઘરકામ,
(૨) અંશ સ/ઓ રેહાન બોલીમ,
ઉંમર વર્ષ: આશરે : ૦૮, ધંધો: અભ્યાસ,
(૩) જોયા ડો/ઓ રેહાન બોલીમ,
ઉંમર વર્ષ: આશરે : ૦૫, ધંધો: અભ્યાસ,
અરજદાર નં.૧ જાતેથી તથા નં. ૨ તથા ૩ ના કુદરતી
વાલી માતુશ્રી દરજજે ઠે. બધા હુશેની ચોક, મદ્રસાવાળી ગલીમાં,
ગાંધી નગરી, રે.ઓખા,તાલુકો: દ્વારકા,જી. દેવભુમી દ્વારકા, ....અરજદારો.

**વિરુધ્ધ**

(૧) રેહાન લતીફ બોલીમ,
ઉંમર વર્ષ: આશરે : ૩૫,ધંધો: ડીઝલ સપ્લાય તથા માછીમારીનો,
(૨) આયસાબેન વા/ઓ લતીફ બોલીમ,
ઉંમર વર્ષ: આશરે : ૫૨,ધંધો:ઘરકામ
ઠે.બંને હુશેની ચોક, ગાંધીનગરી, રે.ઓખા
તાલુકો: દ્વારકા,જી. દેવભુમી દ્વારકા,
(૩) નજમા વા/ઓ તલાબભાઈ થૈમ,
ઉંમર વર્ષ: આશરે : ૪૭,ધંધો: ઘરકામ,
ઠે. પોલીસ ચોકીની બાજુમાં વાડીમાં,રે.સલાયા,
તા.જામ–ખંભાળીયા,જી.દેવભુમી દ્વારકા,
(૪) સલમાબેન ડો/ઓ સલીમ ચીગડા,
ઉંમર વર્ષ: આશરે : ૪૫,ધંધો: ઘરકામ,
ઠે.હુશેની ચોક,ગાંધીનગરી,રે.ઓખા,
તાલુકો: દ્વારકા,જી. દેવભુમી દ્વારકા, . ...સામાવાળાઓ.

---

**<u>ગુનો : ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૨ હેઠળ અરજી.</u>**

---

**<u>એપીયરન્સ:–</u>**
**<u>અરજદાર પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એ.બી.પટેલ</u>**
**<u>સામાવાળાઓ પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી સી.વી.સામાણી</u>**

---

**<u>::– ચુ કા દો –::</u>**

(૧) અરજદારની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,અરજદારનાં નીકાહ આ કામના સામાવાળા સાથે આજથી આશરે નવ વર્ષ પહેલા સામાવાળા નં.૧ સાથે મુસ્લીમ કાનુની શરીયત અનુસાર જ્ઞાતિના રીત–રીવાજ મુજબ અરજદાર નં.૧ તથા સામાવાળા નં. ૧ ના વડીલોની હાજરીમાં એકબીજાની મરજીથી ઓખા મુકામે થયેલા અને અરજદાર તથા સામાવાળા નં.૧ ના પતિ–પત્ની થયેલા. અરજદાર નં.૧ ના નીકાહ જીવનથી સંતાનો નામે અંશ ઉ.વ.આ

૮ વર્ષ તથા પુત્રી જોયા ઉ.વ.આ. ૫ વર્ષ નો જન્મ થયેલો જે બંને સંતાનો હાલ અરજદાર નં. ૧ પાસે છે અને તેમની સાથે રહે છે.અરજદાર નં. ૧ સામાવાળા નં.૧ સાથે નીકાહ બાદ તેમના માવતર પક્ષ તરફથી મળેલ કાજ કરીયાવર લઈને ઓખા મુકામે સંયુકત કુટુંબમાં રહેવા માટે ગયેલા અને ત્યાં સાસરામાં તેઓ અરજદાર,સામાવાળાઓ તથા સસરા સંયુકત કુટુંબમાં રહેતા હતા. અરજદાર નં. ૧ નીકાહ બાદ એક માસ સારી રીતે રાખેલ.ત્યારબાદ સામાવાળાઓ દહેજ બાબતે નાની નાની બાબતોમાં ઝઘડો કરી શારીરીક અને માનસિક દુ:ખત્રાસ આપવા લાગેલા અને ઘરકામ બાબતે મેણાંટોણાં મારવા લાગેલા અને એવું જણાવતા કે તારા માવતરે તને કાંઈ શીખવાડેલ નથી અને તારા માવતરે કરીયાવર ઓછું આપેલ છે તેવું જણાવવા લાગેલા. આ કામના સામાવાળા નં.૧ દારૂ પીવાની ટેવવાળા, જુગાર રમવાની ટેવવાળા તથા અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ રાખતા હોય તેથી અરજદારોની દરકાર કરતા નહી અને રાત્રીના સમયે દારૂ પીને આવતા અને અરજદાર નં.૧ સાથે ઝઘડાઓ કરતા હતા, અરજદાર નં.૧ ના મોટી નણંદ નજમાબેન સલાયા મુકામે રહેતા હોય પરંતુ તેમના પતિ મોટાભાગે વહાણમાં જતા હોય, તેથી નજમાબેન સંતાનોને લઈને અરજદાર નં.૧ ના ઘરે લાંબા સમય સુધી રોકાવા માટે આવી જતા હતા. અરજદાર નં.૧ ના બીજા નણંદ સલમાબેન ઓખા મુકામે તેમના ઘરની બાજુ માં રહેતા હોય તે પણ વારેઘડીયે અરજદાર નં. ૧ ના ઘરે સંતાનો રોકાવા માટે આવી જતા હતા અને તેમની સાસુ સાથે મળીને બંને નણંદો સામાવાળા નં. ૧ ને અરજદાર નં. ૧ વિરુધ્ધ ચડામણી કરતા જેથી સામાવાળા નં. ૧ ના અરજદાર નં. ૧ ને ઢોરની જેમ ઢીકા-પાટુનો માર મારતા તેમજ અરજદાર નં.૧ ના વાળ પકડીને ભટકાડતા માથું ભટકાડતા હતા અને જયા સુધી અરજદાર નં. ૧ બેભાન ન થઈ જઈએ ત્યાં સુધી માર મારતા અને પછી સામાવાળા નં.૧ અરજદાર નં. ૧ ને દવાખાને લઈ જતા અને ત્યાં ડોકટર સાહેબ પુછતા કે કેમ? આવું બધું લાગ્યું તો સામાવાળા નં. ૧ ડોકટર સાહેબને કહેતા કે, ''સીડી ઉપરથી પડી ગઈ છે.'' તેવી ખોટી હકીકતો જણાવતા અને અરજદાર નં.૧ ને ધમકી આપતા કે તે કાંઈ કીધું છે તો ઘરે જઈને વધારે મારીશ.અરજદાર નં. ૧ ના સાસુ તેમની બંને દિકરીઓના સંતાનને સારી રીતે રાખતા હતા અને અરજદાર નં. ૨

અને ૩ નાઓને માર મારતા અને તેમને ખાવા–પીવાનું આપતા નહી અને તેઓ કહેતા કે મને તારા સંતાનો જરાય ગમતા નથી અને આ લોકોને મારાથી દુર રાખજે નહીતર મારાથી આ લોકોને કાંઈક કહેવાઈ જશે તેવી ધમકીઓ આપતા અરજદાર નં. ૧ ના બંને નણંદો ઘરમાં કાંઈ કામ કરતા અને અરજદાર નં. ૧ ને ઢોરની જેમ કામ કરાવતા. અરજદાર નં .૧ સામાવાળા નં. ૧ આ બાબતે વાત કરતા તો સામાવાળા કહેતા કે તે મારી લાડલી બહેનો છે તે તો કાંઈ કામ કરશે નહી બધું કામ તારે જ કરવું પડશે તેમ કહીને બધા એકસંપ કરીને અરજદારોને રૂમમાં પુરીને માર મારતા અને સાંજ સુધી એક રૂમમાં પુરી રાખતા અને અરજદાર નં ર તથા ૩ ના રોતા તો સામાવાળા કે તેના કુટુંબીજનોને દયા આવતી નહી. આમ સામાવાળાઓ અરજદાર નં. ૧ ને શારીરીક અને માનસિક દુ:ખત્રાસ આપતા હતા અને સામાવાળાના ઘરના સભ્યો પણ સામાવાળા નં.૧ સાથે મીલાપી થઈ અરજદાર નં. ૧ ને શારીરીક અને માનસીક ત્રાસ આપી અત્યાચાર કરતા ઘરેલું હીંસા કરતા તેમ છતાંય અરજદાર નં. ૧ ખાનદાન ઘરના દીકરી હોય સામાવાળા તથા તેના કુટુંબીજનોનો બધો દુ:ખત્રાસ મુંગે મોઢે સહન કર્યે જતા હતા. ડીસેમ્બર – ૨૦૧૮ માં સવારના સમયે સામાવાળા નં.૧ નાએ અરજદાર નં.૧ ને કહેલ કે, મારે નાહવું છે તો ગરમ પાણી મુકી દે તેથી અરજદાર નં. ૧ ના એ ગરમ પાણી મુકેલ.ત્યારબાદ સામાવાળા નં. ૧ નાએ અરજદાર નં.૧ ને કહેલ કે, મારે નાસ્તો કરવો છે તેથી અરજદાર નં.૧ નાએ સામાવાળા નં. ૧ ને નાસ્તો આપેલ છે અને અરજદાર નં. ૧ બીજા રૂમમાં કામ કરવા માટે ગયેલ ત્યારે સામાવાળા નં.૧ નાએ અરજદાર નં.૧ ને કહેલ કે ગરમ પાણી નાહવા માટે આપી જા તેથી અરજદાર નં. ૧ નાએ કહેલ કે,થોડીવારમાં આપી જાવ છું તે સાંભળી સામાવાળા નં. ૧ ઉશ્કેરાઈ ગયેલા અને અરજદાર નં. ૧ ને ઢીકા– પાટુનો માર મારવા લાગેલા અને બંને સંતાનોની સાથે અરજદાર નં. ૧ ને પહેરેલ કપડે ઘરની બહાર કાઢી મુકેલ તેથી તેઓ માવતરે ચાલ્યા ગયેલા અને ૮ થી ૯ માસ સુધી સામાવાળાઓની સમાધાનની રાહ જોયેલ .પરંતુ તેઓ કોઈ સમાધાન કરવા આવેલા નહી અને સમાધાન કરેલ નહી.ત્યારબાદ તેઓએ ઓખા મરીન પો.સ્ટે.માં આઈ.પી.સી.કલમ–૪૯૮–એ વીગેરે કલમો મુજબની ફરીયાદ કરેલી અને ગુન્હો દાખલ થયેલો અને તે સમયગાળામાં તેઓએ સામાવાળા

નં.૧ તથા તેના કુટુંબીજનો સામે નામદાર ઓખા કોર્ટ માં ફો.પ. અ. નં. ૧૭૩/૨૦૧૯ તથા ફો. પ. અ. નં. ૧૭૩/૧૯ થી ભરણ પોષણ તથા ઘરેલું હીંસાનો કેસ કરેલો જે કેસ થતા સામાવાળા તથા તેના કુટુંબીજનો નામદાર કોર્ટમાં સારી રીતે રાખવાની ખાત્રી આપી અને હેરાન પરેશાન કરશે નહી તેવી ખાત્રી આપી સમાધાન કરેલું તેથી અરજદાર નં. ૧ એ નામદાર ઓખા કોર્ટમાં ત્રણેય કેસો સમાધાનથી પરત ખેચેલા અને સામાવાળા તથા તેના કુટુંબીજનો તેઓને તેડી ગયેલા અને તેડી ગયાના એકાદ માસ સારી રીતે રાખેલા અને ફરી અગાઉ જેમ જ દારૂ પીને માથાકુટ કરવા લાગેલા અને સામાવાળા નં.૧ તેના ઘરના સભ્યોની ચડામણીથી તેઓ પાસે માવતરેથી રોકડ રૂપિયા એક લાખ લઈ આવવા માટે દબાણ કરવા લાગેલા ત્યારે અરજદાર નં. ૧ જણાવતા કે તેના માવતર ગરીબ છે અને તેઓ નાણાં આપી શકે નહીં તેમ જણાવતા સામાવાળા તથા તેના કુટુંબીજનો માનસિક ત્રાસ આપવા લાગેલા અને એવું કહેવા લાગેલા કે '' તું માવતરેથી નાણાં ન લઈ શક તો તલ્લાક દઈ દે એટલે અમે બીજી વધારે નાણાં લઈ આવે તેવી બાયડી લઈ આવીએ'' તેવું જણાવતા તેમ છતાંય ભવિષ્યમાં સારું થઈ જશે અને બે નાના બાળકો હોય અને બધાનું ભવિષ્ય ન બગડે તે હેતુથી સામાવાળાઓનો દુ:ખત્રાસ સહન કરીને પણ તમારો ઘરસંસાર ચલાવ્યે જતા હતા. છેલ્લે આજથી ૯ માસ પહેલા સામાવાળા ખુબ જ દારૂ પીને આવેલા અને તેમના માવતર વિરુધ્ધ જેમ મન ફાવે તેમ ખરાબ ગાળો આપવા લાગેલા ત્યારે અરજદાર નં.૧ ગાળો આપવાની ના પાડતા તેના ઘરના સભ્યોની ચડામણીથી તેમને ખુબ માર મારેલ અને રાત્રીના ૧૧ વાગ્યે પહેરેલ કપડે બંને સગીર સંતાનો સહીત કાઢી મુકેલ અને એવું કહેલ કે, હવે પાછીઆવીશ તો જીવતી નહી મુકીએ'' તેવી ધમકી આપી કાઢી મુકેલ અને ત્યાંથી અરજદારો તેમના માવતર નજીકમાં રહેતા હોય ત્યાં ગયેલ અને બનેલ બનાવની સમગ્ર હકીકત જણાવેલ અને ત્યારબાદ અનેક વખત અરજદાર નં.૧ નાએ તથા તેમના માવતરે સમાધાનના પ્રયત્નો કરેલા.પરંતુ સામાવાળા કે તેના કુટુંબીજનો માનેલા નહી અને ઉલટાનું ધમકીઓ આપી રહેલા છે કે,''કોઈપણ જાતનો કેસો કર્યા છે તો આખા તમારા પરીવારને પતાવી નાખીશું'' તેવી ધમકીઓ આપે છે અને આજથી દોઢ માસ પહેલા સામાવાળાના પિતા સગીર પુત્ર અંશને રમાડવા માટે લઈ ગયેલા અને તેને બળજબરીથી

ત્યાં રાખી દીધેલો અને હાલમાં તેમના પુત્ર અંશને માર મારતા તે પરત તેઓ પાસે આવી ગયેલ છે. વધુમાં તેઓને જાણવા મળેલ છે કે તેના ઘરના સભ્યોની મદદગારીથી સામાવાળાએ તેઓ ને તલ્લાક આપ્યા વગર સામાવાળાએ મુસ્લીમ કાનુન શરીયતથી વિરુધ્ધ બીજા નીકાહ કરી લીધેલા છે અને હવે તેઓને તલ્લાક આપી દેવા માટે ખુબ જ ધાક ધમકીઓ આપી અપાવી રહયા હોય અને કૌટુંબીક હીંસા થાય તેવું વાતાવરણ ઉભુ કરતા હોય અને હાલ સામાવાળા નં.૧ તેડી પણ ન જતા હોય અરજદારોનો કાયમી ત્યાગ કરેલ હોય અને સમયગાળા દરમિયાન સામાવાળા નં. ૧ નાએ અરજદારોના ભરણ પોષણની કે અન્ય કોઈપણ પ્રકારની દરકાર કરેલ ન હોય તેથી હાલની અરજી કરવાની ફરજ પડેલ છે. અરજદાર નં.૧ અભણ છે અને કોઈ હુન્નર જાણતા નથી અને અરજદાર નં. ૧ કાંઈ કમાતા નથી કે કાંઈ કમાઈ શકવા સક્ષમ પણ નથી અને બંને સગીર બાળકોને સંભાળ રાખવાની સંપુર્ણ જવાબદારી અરજદાર નં.૧ પર રહેલી છે તેમજ અરજદાર નં. ૨ હાલ ધોરણ-૨ માં અભ્યાસ કરે છે અને અરજદાર નં. ૩ નાસ્તામાં જાય છે અને અરજદારોને દર મહીને ખાધા-ખોરાકી, દવાનો કપડા લતાનો અભ્યાસનો, ટયુશનનો, ચોપડાનો વિગેરેના ખર્ચાઓ થાય છે અરજદારો હાલ નિ:સહાય હાલતમાં તેમનું માંડ-માંડ ગુજરાન ચલાવે છે.જયારે સામાવાળા નં.૧ ભણેલા છે અને હાલમાં સામાવાળા નં.૧ ઓખામાં ડાલ્ડા બંદરમાં પોતાની બે ઘરની આવેલ છકડો રીક્ષાથી આખા ડાલ્ડામાં જેટી પર બોટોમાં ડીઝલ પુરુ પાડે છે અને સાઈડમાં ફીશીંગનો પણ ધંધો કરી માસીક રૂા. ૧,૨૫,૦૦૦/- જેવું કમાય છે. સામાવાળા નં. ૧ ઘરના પાકા મકાન, પ્લોટ ધરાવે છે. સામાવાળા નં. ૧ ના ઘરમાં રાચરચીલું તથા બેંક બેલેન્સ ધરાવે છે. સામાવાળાનં.૧ એન્ડરોઈડ મોબાઈલ વાપરે છે તેમજ સાસુ- સસરા પણ કમાય છે.આમ સામાવાળા નં.૧ ખુબ જ ધનીક અને પૈસાપાત્ર માણસ છે.સામાવાળા નં.૧ .પર અરજદારો સિવાય અન્ય કોઈની જવાબદારી નથી. જેથી અરજદારે હાલની અરજી લાવી એવી દાદ માંગેલ છે કે,ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ- ૨૦૦૫ ની કલમો-૧૮,૧૯(૧),૨૦(૧),(ઘ),તથા ૨૨ મુજબ ની દાદ અપાવવા અરજ ગુજારેલી છે.

( ૨ ) ત્યારબાદ સદર કામે સામાવાળાઓને નોટિસ કરતા, તે નોટિસ સામાવાળાઓને બજી જતાં સામાવાળાઓ તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે હાજર થઈ અરજદારની અરજીનો આંક–૦૯ થી લેખિત જવાબ રજૂ કરેલ છે અને અરજદારની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને વધુમાં મુખ્યત્વે ખરી હકીકતે જણાવેલ છે કે,અરજદાર નં.૧ લગ્ન કરીને તેમને ત્યાં આવ્યા બાદ સામાવાળાઓ તેણીને ખુબ સારી રીતે સાચવતાં હતા, તેણીની દરેક જરૂરીયાત પુરી કરતા હતા, તેણીની સંભાળ અને દરકાર રાખતા હતા, તેમજ અરજદાર નં.૨ તથા ૩ નો જન્મ થયા બાદ તે તેમના સંતાનોની પણ સામાવાળાઓ ખુબ સારી રીતે સાચવતા હતા, તેઓની દરેક જરૂરીયાત પુરી કરતા હતા, આમ છતાં અરજદારણ નં.૧ વાળી તેમના માવતરની ચડામણીથી બન્ને સગીર સંતાનોને પોતાની સાથે લઈ તેમનો તમામ સર–સામાન પોતાની સાથે લઈ તેમની ગેરહાજરીમાં વીના કારણે સામાવાળાઓ સાથે ઝઘડો કરી પોતાના માવતરે જતી રહેલ છે.તેણી ગયા બાદ સામાવાળાઓએ તથા તેમના સગા સંબંધીઓએ તેણીને તેડી જવા વારંવાર પ્રયત્નો કરેલા છે, પરંતુ અરજદારણ તેમની સાથે રહી તેમનો ઘરસંસાર ચલાવવા કયારેય તૈયાર હતા નહી કે છે નહી.તે હકીકત ધ્યાને લઈ અરજદારોની અરજી ખર્ચસહીત નામંજુર કરવા વિનંતી કરેલ છે.

( ૩ ) ત્યારબાદ સદર અરજીનાં કામે અરજદાર પક્ષ તરફથી નીચે મુજબનાં મૌખિક પુરાવાઓ તેમજ લેખિત દસ્તાવેજી પુરાવાઓ હાલનાં કામે રેકર્ડ કરવામાં આવેલ છે.

**::– અરજદાર પક્ષ તરફે મૌખિક પુરાવા –::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર રજીયા વા.ઓ. રેહાન બોલીમનું સરતપાસનું સોગંદનામું | ૧૪ |
| ૨. | અરજદારો તરફે કલોઝીંગ પુરસીસ | ૨૦ |

**::- મૌખિક પુરાવા -::**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ઘરેલું હીંસા બનાવનો અહેવાલ | ૧૫ |
| ૨. | ફરીયાદ | ૧૭ |
| ૩. | ડાક રસીદ | ૧૮ |
| ૪. | ફરીયાદ ઓખા મરીન પો.સ્ટે.ને મળી ગયાની ટ્રક ઝેરોક્ષ | ૧૯ |

અરજદારો તરફે પુરાવો પૂરો થયેલો હોવા અંગેની કલોઝીંગ પુરસીસ હાલનાં કામે આંક--૨૦ થી રજૂ કરવામાં આવેલી છે.

**::-સામાવાળા પક્ષ તરફે મૌખિક પુરાવા -::**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | સામાવાળા નં.૧ રેહાન લતીફ બોલીમનું સરતપાસનું સોગંદનામું | ૨૨ |

સામાવળા તરફે પુરાવો પૂરો થયેલો હોવા અંગેની કલોઝીંગ પુરસીસ હાલનાં કામે આંક-૨૬ થી રજૂ કરવામાં આવેલી છે.

( ૪ ) આ કામે અરજદાર તરફે આંક ૨૯ થી તથા સામાવળા તરફે આંક ૨૮ થી લેખીત દલીલ રજુ થયેલ છે જે વંચાણે લેવામા આવેલ છે તેમજ સામાવાળા ના વિ વ શ્રી દ્ધારા આંક ૩૦ થી નામદાર ઉચ્ચ અદાલતો ના ચુકાદા અંગેની પુરસીસ રજુ થયેલ છે જે ચુકાદા માનસહ વંચાણે લેવામા આવેલ છે . આ કામે સામાવાળા ના વિ.વ શ્રી તરફે તેમની દલીલ મા જણાવેલ છે કે અરજદાર તરફે નામદાર સુપ્રીમ કોર્ટ ના રજનીશ વિરુદ્ધ નેહા ક્રિમીનલ અપીલ નં ૭૩૦/૨૦૨૦ તારીખ ૦૪/૧૧/૨૦૨૦ ના ચુકાદા મા ઠરાવ્યા મુજબ ના ફોર્મેટ મા એફીડેવીટ રજુ કરેલ નહી જેથી અરજદાર ની અરજી મંજુર થવા પાત્ર નથી .હવે સદરહુ ચુકાદો

માનસહે વંચાણે લેતા સદરહુ ગાઈડલાઈન વચગાળા ના ભરણપોષણ ની અરજી ના સમયે આપવા નુ ફરજિયાત હોવાનુ ફલીત થાય છે અને હાલો નો કેસ આખીરી દલીલ ઉપર ચાલે છે અને પક્ષકારો નો પુરાવા નો સ્ટેજ પુર્ણ થઇ ગયેલ છે .સદરહુ બાબતે નામદાર બોમ્બે હાઈકોર્ટ ના Mrs. Jeevanjyoti Kaur Bansal vs Kulvinder Singh Bansal,WRIT PETITION (ST) NO.1913 OF 2024 ના ચુકાદા નો પારા ૧૬ ધ્યાને લેવામા આવે તો તેમા નીચે મુજબ ઠરાવેલ છે

"The guidelines laid down by the Apex court direct the filing of affidavit of assets and liabilities to be filed in all maintenance proceedings includin the pending proceedings before the concerned Family Courts/District Courts/Magistrate Courts. Upon careful reading of the decision of Apex Court as discussed above, it is clear that mandate of the Apex Court is to direct filing of Affidavit of Disclosures at the stage of deciding the application for interim maintenance. Clause II of Part B of the said decision has to be read in its entirety which makes the position very clear, more particularly sub clause (xi) of Clause II which provides for the filing of a concise application by the applicant accompanied with the affidavit of disclosure of assets and liabilities to which the reply is required to be filed along with the affidavit of disclosure within a maximum period of four weeks and the direction to the Courts to decide the application for maintenance on the basis of affidavit filed by the applicant and pleadings on record. The stage at which such application is required to be filed is at the interim stage. The same is also evident from the guideline which provides that in case of any dispute the aggrieved party may seek permission of the Court to Patil-SR(ch) serve interrogatories and seek production of relevant documents from the opposite party. All this makes it clear that the

affidavit ofassets and liabilities is required to be filed at the stage of grant ofinterim maintenance."

આમ ઉપરોક્ત ચુકાદા મા પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને લેતા તથા તમામ હકિકતો અને સંજોગો ધ્યાને લેતા અરજદાર ની નિયત ફોર્મેટ મા એફીડેવીટ ન રજુ કરેલ હોવાથી અરજદાર ની અરજી રદ થવા બાબત ની સામાવાળા તરફ ની દલીલ માનવાપાત્ર નથી .

( ૫ ) ત્યારબાદ અરજદારનાં પ્લીડીંગ્સ, પુરાવાઓનાં આધારે નીચે મુજબનાં મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**<u>-//(મુદ્દાઓ)//-</u>**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાઓએ તેમની વિરૂદઘ ઘરેલુ હિંસા આચરેલ છે અને તેઓ કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ મુજબ કૌટુંબીક હિંસાથી વ્યથિત મહિલા છે?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, માંગણી મુજબ તેઓ કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓ રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૧૮ મુજબની રક્ષણની દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી તેમના કાજ કરિયાવર ની વસ્તુઓ મેળવવા હક્કદાર છે ?

(૪) શું અરજદાર પુરવાર કરે છે કે, અરજીમાં માંગણી મુજબ તેઓ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલ-૨૦ મુજબની અરજદારણને માસીક રૂપિયા ૨૦,૦૦૦/- (વીશ હજાર પુરા) તથા અરજદારો નં ૨ અને ૩ પ્રત્યેક માસીક રૂપિયા ૧૦,૦૦૦/- (દશ હજાર પુરા) ભરણપોષણ માટે નાણાકીય રાહતની દાદ મેળવવા હક્કદાર છે?

(૫) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળાઓ અરજદાર અરજીમાં જણાવ્યા મુજબની રહેઠાણ અંગેની દાદ મેળવવા હક્કદાર છે ?

(૬) શું અરજદાર અરજીમા માંગ્યા મુજબની કલમ–૨૨ હેઠળની માનસિક અને શારિરીક ત્રાસ બદલ વળતર મેળવવા હક્કદાર છે ? જો હા તો શું હુકમ?

(૭) શું હુકમ અને હુકમનામુ ?

( ૬ ) ઉપરોકત મુદ્દાઓ અન્વયેના મારા ન્યાયિક–નિર્ણયો નીચે મુજબ છે :–

**::– નિ ર્ણ યો –::**

(૧) હકારમા
(૨) હકારમા
(૩) હકારમા
(૪) અશતઃ હકારમા
(૫) નકારમા
(૬) હકારમા
(૭) આખીરી હુકમ મુજબ

( ૭ ) ઉપરોકત મુદ્દાઓનાં ન્યાયિક નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે

**–//:કા ર ણો://–**

**મુદ્દા નંબર–૧ અંગે :–**

( ૮ ) **(૧) શું અરજદાર નં.–૧ પુરવાર કરે છે કે, તેમના પર સામાવાળા દ્વારા ઘરેલુ હિંસા(કલમ–૩)આચરવામાં આવેલી છે ?**

ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંતો મુજબ તથા કૌટુંબિક હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો–૨૦૦૫ નો કાયદો ઘડવા પાછળના ઉદ્દેશો અને કારણો ધ્યાને લેતાં, ઘરેલુ હિંસાનો ભોગ બનનાર સ્ત્રીઓ તથા તેઓના આશ્રિતોને રક્ષણ આપવાનો સામાજિક– ન્યાયી ઉદ્દેશ છે. જેથી કૌટુંબિક હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદા અન્વયેની અરજીને અત્યંત ટેકનીકલી ન જોતાં અને સાબિતીના બોજાને ચુસ્તપણે વળગી ન રહેતાં પુરાવાનું ઉમદા અર્થઘટન કરી, કરવો જોઈએ.

**સદરહું કાયદાની કલમ–૩ માં કૌટુબિક હિંસાખોરીની વ્યાખ્યા નીચે મુજબ આપેલી છે :–**

‘‘આ કાયદાના હેતુ માટે, પ્રતિવાદીનું આવું કોઈપણ કૃત્ય કાર્યલોપ અથવા આચરણ અથવા વર્તન કૌટુંબિક હિંસા ગણાશે કે, જે (એ) વ્યથિત વ્યકિતને શારિરીક કે, <u>માનસિક રીતે ઈજા કે, હાનિ</u> થવા આરોગ્ય, સલામતી, જીંદગી, અંગ કે સુખાધિકારને ભયમાં મૂકે અથવા તે મુજબ કરવા દોરી જતાં હોય અને તેમાં શારિરીક દુર્વ્યવહાર, જાતીય દુર્વ્યવહાર, મૌખિક રીતે અને લખાણ સાથે દુર્વ્યવહાર, આર્થિક દુર્વ્યવહાર કરવાનો સમાવેશ થાય છે અથવા (બી) તેણીને અથવા તેની સાથે સંબંધિત કોઈપણ વ્યકિતને દહેજ અથવા બીજી મિલકત અથવા કિંમતી જામીનગીરી અંગેની ગેરકાયદેસર માંગણીના તાબે થવા માટે તેણીને અથવા તેણીના સંબંધી સાથે બળજબરી કરવાનો ઈરાદો વ્યથિત વ્યકિતને ત્રાસ આપી, હાનિ–ઈજા કરી અથવા ભય પમાડે અથવા (સી) કલોઝ (એ)તથા(બી૯)માં દર્શાવ્યા મુજબની કોઈપણ વર્તણૂંક દ્વારા વ્યથિત વ્યકિતને અને તેણીની સાથે સંબંધિત કોઈપણ વ્યકિત ઉપર ધમકીની અસર બાદ કરી અથવા (ડી) વ્યથિત વ્યકિતને શારિરીક કે, માનસિક ઈજા કે, હાનિ પહોંચાડે તેવી કોઈપણ બાબત.''

(૯) હવે ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ ઉપરોક્ત મુદ્દાઓના સંદર્ભમાં અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો અરજદારે હાલની અરજી ધી પ્રોટેક્શન ઓફ વિમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સની કલમ–૧૨ મુજબ હાલની અરજી કરેલ છે અને અરજીના સમર્થનમાં આંક–૧૪ થી અરજદારનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં અરજદારે અરજીની હકીકતોનુ પુનઃકથન કરેલ છે જેની વિગતવાર ઉલટતપાસ સામાવાળા ના વિ.વ શ્રી દ્વારા કરવામા આવેલ છે જેમા અરજી થી વિરૂદ્ધ ની મહત્વ ની કોઇ હકિકત લાવી શકેલ નથી.

(૧૦) સામાવાળા તરફે આંક ૨૨ થી સામાવાળા નં૧ રેહાન લતીફ બોલીમ નુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે જેમા તેઓએ વાંધા જવાબ મુજબ ની હકિકતો લખાવેલ છે આ કામના સામાવાળા ની ઉલટ તપાસ અરજદાર ના વિ.વ શ્રી એ.બી પટેલ દ્વારા કરવામા આવેલ છે જેમા અરજદારે જણાવેલ છે કે તેઓ ધોરણ ૮ સુધી ભણેલ છે વધુ મા જણાવેલ છે કે અરજદાર નં ૦૧ મારા પત્ની થાય છે તથા ર તથા ૦૩ નાઓ સંતાન થાય છે અરજદારો છેલ્લા ૨ વર્ષ થી તેમના માવતરે રહે છે તથા તે દરમ્યાન અરજદાર ને કોઇ ભરણપોષણ આપેલ નથી તથા અરજદાર નં ૦૧ નાઓએ તેમની તથા તેમના કુટંબી જનો સામે ૪૯૮ મુજબનો કેસ

કરેલો છે તે હાલમા ઓખા કોર્ટ મા પેન્ડીગ છે હુ રીક્ષા ચવાવુ છુ તે મારી માલીકીની છે જે હુ સાતેક વર્ષ થી ચલાવુ છુ અને હાલમા તેની કિમત ૭૦ થી ૮૦ હજાર જેટલી ગણાય આ રીક્ષા હુ માલવાહક તરીકે ચલાવુ છુ એક ફેરો માલવાહક રીક્ષાનો કરૂ તેમા મને ૧૦૦ થી ૨૦૦ રૂ મળે છે અને આખા દીવસમા ૪૦૦ થી ૫૦૦ નો ધંધો થઈ જાય છે મહીને હુ ૧૨ થી ૧૫ હજાર જેટલુ કમાઉ છુ હુ મારા માતા પિતા ને એકજ સંતાન હાલમા છુ અને એક ભાઈ અવસાન પામેલ છે એને તેનો દીકરો ૧૨ વર્ષ નો છે હુ વીવો કંપનીનો એનડ્રોઇડ મોબાઇલ વાપરુ છુ જેની આશરે કિમત ૨૦ થી ૨૨ હજાર ની છે જે મે ફાઈનાન્સ કરાવેલ છે મારા પિતા કોઈ કામ કરતા નથી મકાન અમારા ઘરના છે મારા બાળકો અભ્યાસ કરવા જાય છે અરજદારો નો કરિયાવર નો સામાન અમારા ઘરે પડેલ છે  સંતાનો મારી સાથે પણ રહે છે વધુ મા કબુલ રાખેલ છે કે મે મારા જવાબ મા તથા સરતપાસ ના સોગંદનામા એવુ લખાવેલ નથી કે મારા સંતાનો મારી સાથે રહે છે તથા અરજદાર તેઓના મોટા પપ્પા ને ત્યા રહે છે .તે સિવાય ના મોટાભાગના સવાલો ના જવાબ નકાર મા આપેલ છે .

(૧૧) આમ, અરજદારે તેઓની અરજીના સમર્થનમાં પોતાનુ સરતપાસનુ સોંગદનામુ રજુ કરેલ છે અને સામાવાળાના વિ.વ.શ્રી દ્ધારા વિ.વાર ઉ.ત. કરવામાં આવેલ હોવા છતાં પોતાની સરતપાસની હકીકતોને વળગી રહેલ છે. હાલની અરજી જે કાયદા હેઠળ લાવેલ છે તેનો હેતુ સ્ત્રીઓને રક્ષણ પુરુ પાડવાનો છે. જેથી સદરહુ સિધ્ધાંત ધ્યાને લઈ તથા અરજી તથા સોગંદનામામાં જણાવેલ દુખ ત્રાસની હકીકતો ધ્યાને લેતા તથા સામાવાળા તર્ફે આંક–૨૨ ની માત્ર સામાવાળા નં.૧ ની સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જેમાં તેઓએ અરજદાર સાથે લગ્ન થયેલ હોવાનુ સ્વીકારેલ છે અને સામાવાળા તર્ફે અન્ય કોઈ સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી. આમ, સમગ્ર રીતે જોતા સામાવાળાઓ અરજદારની અરજીની હકીકતો વિરુધ્ધનો કોઈ મહત્વનો પુરાવો લાવી શકેલ ન હોવાનુ ધ્યાને લેતા તેમજ વધુમાં કોઈ પણ ભારતીય સ્ત્રી વિના કારણે પોતાના પતિથી અલગ રહી માવતરને ત્યાં ઓશિયાળુ જીવન વિતાવવાનુ હરગીશ પસંદ કરે નહી જેથી તમામ સંજોગો અને હકિકતો ધ્યાને લેતા જેથી અરજદાર ઉપર કૌટુંબિક હિંસા આચરેલ હોવાનુ પ્રાથમિક રીતે પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૧ તથા ૦૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૨) આ કામે અરજદારે સામાવાળા પાસેથી તેઓના કાજ કરિયાવર ની વસ્તુઓ પરત મેળવવા અરજ ગુજારેલ છે પરંતુ વસ્તઓ નો વિગતવાર વર્ણન અને લીસ્ટ આપેલ નથી

સામાવાળાએ તેમની ઉલટ તપાસ મા અરજદાર ની કાજ કરિયાવર ની વસ્તુઓ તેમના પાસે પડી હોવાનુ કબુલ રાખેલ છે જેથી સદરહુ સંજોગો મા અરજદાર ની કાજ કરિયાવર બાબત ની માંગણી મંજુર કરવાપાત્ર જણાઇ આવતી હોય મુદ્દા નંબર ૦૩ નો જવાબ હકાર મા આપવામા આવે છે .

(૧૩) આ કામે અરજદારે આ કાયદાની કલમ–૨૦ મુજબ સદર કામના સામાવાળા નં.૧ પાસેથી અરજદારને માસીક રૂ.૨૦,૦૦૦/–તથા અરજદારના સંતાને અરજદાર નં ૨અને ૩ પ્રત્યેક ને માસીક રૂ ૧૦૦૦૦/– પુરા ભરણ પોષણ લેખે ચુકવવા માંગણી કરેલ છે હવે આ કામે અરજદાર ઉપર કૌટુંબિક હિંસા થયેલ હોવાનુ પુરવાર થયેલ છે સદરહુ સંજોગોમાં અરજદાર કલમ–૨૦ મુજબ ભરણપોષણ મેળવવા હક્કદાર છે. હવે, આ કામે અરજદારે જણાયુ છે કે સામાવાળા નં.૧ ભણેલા છે અને હાલમાં સામાવાળા નં.૧ ઓખામાં ડાલ્ડા બંદરમાં પોતાની બે ઘરની આવેલ છકડો રીક્ષાથી આખા ડાલ્ડામાં જેટી પર બોટોમાં ડીઝલ પુરુ પાડે છે અને સાઈડમાં ફીશીંગનો પણ ધંધો કરી માસીક રૂા.૧,૨૫,૦૦૦/– જેવું કમાય છે. સામાવાળા નં. ૧ ઘરના પાકા મકાન પ્લોટ ધરાવે છે સામાવાળા નં. ૧ ના ઘરમાં રાચરચીલું તથા બેંક બેલેન્સ ધરાવે છે. સામાવાળા નં. ૧ એન્ડરોઈડ મોબાઈલ વાપરે છે તેમજ સાસુ સસરા પણ કમાય છે.આમ સામાવાળા નં.૧ ખુબ જ ધનીક અને પૈસા પાત્ર માણસ છે.સામાવાળા નં.૧ .પર અરજદારો સિવાય અન્ય કોઈની જવાબદારી નથી. સામાવાળાએ તેમની ઉલટ તપાસ મા કબુલ રાખેલ છે કે હુ રીક્ષા ચવાવુ છુ તે મારી માલીકીની છે જે હુ સાતેક વર્ષ થી ચલાવુ છુ અને હાલમા તેની કિમત ૭૦ થી ૮૦ હજાર જેટલી ગણાય આ રીક્ષા હુ માલવાહક તરીકે ચલાવુ છુ એક ફેરો માલવાહક રીક્ષાનો કરૂ તેમા મને ૧૦૦ થી ૨૦૦ રૂ મળે છે અને આખા દીવસમા ૪૦૦ થી ૫૦૦ નો ધંધો થઇ જાય છે મહીને હુ ૧૨ થી ૧૫ હજાર જેટલુ કમાઉ છુ હુ મારા માતા પિતા ને એકજ સંતાન હાલમા છુ અને એક ભાઈ અવસાન પામેલ છે એને તેનો દીકરો ૧૨ વર્ષ નો છે હુ વીવો કંપનીનો એનડ્રોઇડ મોબાઇલ વાપરુ છુ જેની આશરે કિમત ૨૦ થી ૨૨ હજાર ની છે જે મે ફાઈનાન્સ કરાવેલ છે મારા પિતા કોઈ કામ કરતા નથી મકાન અમારા ઘરના છે આ કામે પક્ષકારો તરફે સામાવાળા ની આવક અંગેના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.સામાન્ય રીતે ભરણપોષણ ની કાર્યવાહી મા અરજદાર વધુ રકમ મેળવવા સામાવાળા ની વધુ આવક બતાવે છે જયારે સામાવાળા ઓછી રકમ ચુકવવા પોતાની ઓછી આવક બતાવે છે આમ અરજદારની સોગંદ ઉપરની જુબાની તથા રજુ થયેલ

તમામ પુરાવાઓ તથા દલીલો ધ્યાને લેતા તેમજ તમામ સંજોગો નજર સમક્ષ રાખી અરજદારને તથા આવક જાવકના ખર્ચ તથા સામાજીક જવાબદારી તથા પક્ષકારોના દરજ્જા વગેરે હકીકત નજર સમક્ષ રાખી અરજદારનં ૧ ને માસીક રૂ.૨૫૦૦/– (રૂ.બે હજાર પાંચ સો પુરા/–) તથા અરજદાર નં ૨ અને ૦૩ પ્રત્યેક ને માસીક રૂપીયા ૭૫૦/–(રૂ સાત સો પચાસ પુરા) સામાવાળા નં.૧ પાસેથી અપાવવા ન્યાયોચીત જણાઈ આવતુ હોય જેથી મુદ્દા નં.૩ નો જવાબ અંશતઃહકારમાં આપવામાં આવે છે.

(૧૪) આ કામે અરજદાર દ્વારા એવી દાદ માંગવામાં આવેલ છે કે સામાવાળાઓ અરજદારો ને ઘર ની વ્યવસ્થા કરી આપે અથવા ઘરભાડુ આપે . આમ અરજદાર દ્વારા મુખ્તવે ઘરભાડા ની માગણી કરવામા આવેલ છે આમ તમામ હકીકત ધ્યાને લેતા તથા અરજદાર ની ઉપરોકત મુદ્દા ના નિર્ણય મુજબ ભરણ પોષણ બાબતે નાણાકિય રાહત અંશતઃ મંજુર કરવામા આવેલ જેથી રેકર્ડ ઉપરના પુરાવા તથા સામાવાળા નં ૧ ની કમાવા ની શક્તિ તથા તમામ પરિબળો ધ્યાને લેતા ભાડા પેટે અલગથી હુકમ કરવો ન્યાયોચિત જણાઈ આવતુ નથી જેથી મુદ્દા નંબર ૪ નો જવાબ નકાર મા આપવામા આવે છે .

(૧૫) કલમ–૨૨ હેઠળ રૂપિયાની વળતરની માંગણી કરેલ છે. સદરહુ માંગણી તેમજ માનસિક યાતના તથા લાગણીશીલ પીડા પહોચાડવા માટે કરેલ છે. અરજદાર ઉપર કૌટુંબિક હિંસા થયેલ હોવાનુ પ્રાથમિક રીતે પુરવાર થયેલ હોઈ તથા કેસની તમામ હકીકતો તથા સંજોગો તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા નુકશાની વળતર પેટે ૧૦,૦૦૦/– (દશ હજાર) રૂપિયા અપાવવા જણાઈ આવે છે. જેથી મુદ્દા નં.૫ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

આમ, ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા અને તે અંગેના નિર્ણયો ધ્યાને લઈ મુદ્દા નં.૬ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

---હુ ક મ---

૧. અરજદારની અરજી અશંતઃ મંજુર કરવામાં આવે છે.

૨. સામાવાળાઓ અરજદારને કે તેમના સગા સંબંધીને કોઈ ધાક ધમકી આપે નહી તથા કોઈ હિંસા આચરે નહી તથા દબાણ કરવા કે ધમકી આપવા કોઈ સંપર્ક કરે નહી તેવો કલમ–૧૮ હેઠળનો પ્રોટેક્શનનો હુકમ કરવામાં આવે છે.

૩. સામાવાળાઓએ તેમની પાસે રહેલ અરજદારની કાજ કરીયાવરની વસ્તુઓ આ હુકમની ત્રીસ દિવસની અંદર પરત સોપી આપવાનો હુકમ કરવામા આવે છે.

૪. સામાવાળા નં.૧ નાએ અરજદાર નં ૧ ને ભરણ પોષણ પેટે માસીક રૂપિયા ૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) તથા અરજદારના સંતાનો નં ૨ અને ૩ ને માસીક પ્રત્યેક ને ૭૫૦/– (અંકે રૂપિયા સાત સો પચાસ પુરા ) ભરણપોષણ પેટે હાલની અરજીની તારીખથી નિયમિત રીતે ચઢે– ચઢ્યુ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.અરજદાર નં ૨ અને ૩ સગીર હોઈ તેઓને ચુકવવાની રકમ તેઓના કુદરતી વાલી અરજદાર નં.૧ ને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સામાવાળા ઓએ વળતર પેટે કુલ ૧૦,૦૦૦/– રૂપિયા (અંકે રૂપિયા દશ હજાર પુરા) અરજદાર ને કલમ–૨૨ હેઠળ હુકમ ની તારીખથી ૧ માસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. અરજદારને અરજીના કોસ્ટ પેટે રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) સામાવાળાઓએ સંયુક્ત રીતે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

૭. ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૨૪ મુજબ ઠરાવની એક એક નકલ બંન્ને પક્ષકારો, રક્ષણ અધિકારી તથા સબંધીત પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટરશ્રીને વિનામુલ્યે પુરી પાડવી.

તા: ૨૨/૦૭/૨૦૨૪
સ્થળ:ઓખા મંડળ.

**(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(જજ કોડ નં.જીજે–૦૧૪૫૦)

સ્ટેનોગ્રાફર–આર.એ.ગોઢાણીયા